# પાકિસ્તાનમાં અમેરીકી દૂતાવાસ પર હલ્લો, 12નાં મોત

**ખામેનીનાં** મોતના વિરોધમાં કરાચી, ઈસ્લામાબાદ અને લાહોર જેવા શહેરોમાં વિરોધ પ્રદર્શનો




કરાચી, તા. 1 (પીટીઆઈ): ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીના અમેરિકા-ઈઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલામાં થયેલા મોતના વિરોધમાં પાકિસ્તાનના કરાચીમાં ભારે હિંસા ફાટી નીકળી છે. રવિવારે કરાચીમાં અમેરિકન દૂતાવાસમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહેલા પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે થયેલી અથડામણમાં ઓછામાં ઓછા 12 લોકોનાં મોત થયાં છે અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે.

હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ મૃતકો પૈકી કેટલાકને ગોળી વાગવાના નિશાન મળ્યા છે, જ્યારે ઈજાગ્રસ્તોમાં ચાર પોલીસકર્મીઓનો પણ સમાવેશ થાય છે.

પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે પોલીસે પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ, અશ્રુગેસના શેલ અને રબર બુલેટનો ઉપયોગ કર્યો હતો. સિંધના ગૃહમંત્રી ઝિયાઉલ હસન લંગારે આ ઘટનાની ન્યાયિક તપાસના આદેશ આપ્યા છે, જોકે તેમણે દૂતાવાસની સુરક્ષા કરી રહેલા અમેરિકી જવાનો દ્વારા ગોળીબાર થયો હોવાની વાતને નકારી કાઢી છે.

પાકિસ્તાનના ઈસ્લામાબાદ અને લાહોર જેવા અન્ય શહેરોમાં પણ વિરોધ પ્રદર્શનો શરૂ થયા છે. ઈસ્લામાબાદમાં રેડ ઝોન સીલ કરી દેવામાં આવ્યો છે અને કલમ 144 લાગુ કરવામાં આવી છે.

અમેરિકી દૂતાવાસે પણ પાકિસ્તાનમાં રહેતા પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે અને તેમને ભીડભાડવાળા વિસ્તારોથી દૂર રહેવા સૂચના આપી છે.

શિયા સંગઠનોએ આ વિરોધ પ્રદર્શનો ચાલુ રાખવાની જાહેરાત કરી છે, જેને જોતા સમગ્ર પાકિસ્તાનમાં સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક કરી દેવામાં આવી છે.

## ખામેનીના મોતથી ભારતમાં રોષ: કાશ્મીરથી કર્ણાટક સુધી પ્રદર્શનો







**ઓલ** ઈન્ડિયા શિયા પર્સનલ લો બોર્ડે ત્રણ દિવસના શોકની જાહેરાત કરી

**ઉત્તર** પ્રદેશના લખનઉમાં મહિલાઓ અને પુરુષોએ કાળા કપડાં પહેરી વિરોધ પ્રદર્શન કર્યું

શ્રીનગર-લખનઉ, તા. 1 (પીટીઆઈ): અમેરિકા-ઈઝરાયેલના હુમલામાં ઈરાની સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનીના મોતના સમાચાર વહેતા થતા ભારતભરના શિયા સમુદાયમાં શોક અને રોષની લહેર ફરી વળી છે. જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગરના લાલ ચોક સહિત બડગામ અને અનંતનાગ જેવા વિસ્તારોમાં હજારો લોકોએ રસ્તા પર ઉતરી અમેરિકા અને ઈઝરાયેલ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

કાશ્મીરના મુખ્ય મૌલવી મીરવાઈઝ ઉમર ફારૂકે આ ઘટનાની આકરી નિંદા કરી સોમવારે સંપૂર્ણ હડતાળનું એલાન આપ્યું છે.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ શાંતિ જાળવવા અપીલ કરી છે અને ઈરાનમાં ફસાયેલા કાશ્મીરી વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે વિદેશ મંત્રાલય સાથે વાતચીત કરી છે.

ઉત્તર પ્રદેશના લખનઉમાં મહિલાઓ અને પુરુષોએ કાળા કપડાં પહેરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઓલ ઈન્ડિયા શિયા પર્સનલ લો બોર્ડે ત્રણ દિવસના શોકની જાહેરાત કરી છે, જે દરમિયાન ઘરો પર કાળા ધ્વજ ફરકાવવામાં આવશે. પંજાબના લુધિયાણામાં શાહી ઈમામના નેતૃત્વમાં પ્રદર્શનકારીઓએ બેન્જામિન નેતન્યાહુનું પૂતળું બાળ્યું હતું અને ભારત સરકાર પાસે એક સપ્તાહના રાષ્ટ્રીય શોકની માગ કરી છે.

રાજસ્થાનના અજમેર અને તેલંગાણામાં પણ શોક સભાઓ યોજાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, કર્ણાટકના ચિક્કાબલ્લાપુર જિલ્લાના અલીપુરા ગામમાં, જ્યાં ખામેનીએ 1986માં મુલાકાત લીધી હતી, ત્યાં ગ્રામજનોએ સ્વયંભૂ વેપાર-ધંધા બંધ રાખી ત્રણ દિવસના શોકની જાહેરાત કરી અનોખી શ્રદ્ધાંજલિ અર્પી છે.

## આયાતુલ્લા અલી ખામેની: ઈરાનના સૌથી શક્તિશાળી અને વિવાદાસ્પદ શાસક

**ખામેનીના** શાસનમાં લેબનોનનું હિઝબુલ્લાહ અને યમનના હુથી બળવાખોરો જેવા પ્રોક્સી ગ્રૂપો દ્વારા મધ્ય પૂર્વમાં ઈરાનનો પ્રભાવ વધ્યો



દુબઈ, તા. 1 (એપી): ઈરાનને પ્રાદેશિક સત્તા બનાવવા અને દાયકાઓ સુધી ઈસ્લામિક શાસન પર પકડ જાળવી રાખનાર સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીનું 86 વર્ષની વયે અવસાન થયું છે. 1989માં આયાતુલ્લા રુહોલ્લાહ ખોમેનીના અવસાન બાદ સત્તા સંભાળનાર ખામેનીએ ઈરાનને તેના પરમાણુ કાર્યક્રમના કારણે ઈઝરાયેલ-અમેરિકા સાથેના સીધા સંઘર્ષ તરફ દોર્યું હતું.

અગાઉના શાસક ખોમેનીએ ધાર્મિક શુદ્ધતા ફેલાવવા માટે શિયા મુસ્લિમ મૌલવીઓનું શાસન સ્થાપિત કર્યું હતું. ખોમેનીની સરખામણીએ ખામેની ધાર્મિક ક્ષેત્રે ઓછી લાયકાત ધરાવતા હતા, પરંતુ એ ક્રાંતિકારી વિઝનને એક મજબૂત સરકારી માળખામાં પરિવર્તિત કરવાની જવાબદારી તેમના ફાળે આવી હતી. તેમણે ખોમેની કરતાં ઘણો લાંબો સમય શાસન કર્યું. તેમણે શિયા મૌલવીઓના વર્ગનો વિસ્તાર કર્યો.

તેમના શાસનકાળ દરમિયાન 'રિવોલ્યુશનરી ગાર્ડ' (આઈઆરજીસી) માત્ર લશ્કરી જ નહીં, પરંતુ આર્થિક રીતે પણ દેશનું સૌથી શક્તિશાળી અંગ બન્યું.

ખામેનીના શાસનમાં ઈરાને લેબનોનનું હિઝબુલ્લાહ અને યમનના હુથી બળવાખોરો જેવા પ્રોક્સી ગ્રૂપો દ્વારા મધ્ય પૂર્વમાં પોતાનો પ્રભાવ વધાર્યો. જોકે, તેમના શાસનકાળના અંતિમ વર્ષો ભારે સંઘર્ષમય રહ્યા. 2022માં માહસા અમીનીના મોત બાદ ફાટી નીકળેલા વિરોધ પ્રદર્શનો અને ત્યારબાદ 2025ના આર્થિક અસંતોષને ડામવા માટે તેમણે અત્યાર સુધીનો સૌથી લોહિયાળ દમન ગુજાર્યો, જેમાં હજારો નાગરિકો માર્યા ગયા.

અમેરિકા સાથેના સંબંધોમાં 'મહા શેતાન'નું વલણ રાખનાર ખામેનીએ 2015ની પરમાણુ સમજૂતી બાદ ફરીથી પરમાણુ સંવર્ધન 60 ટકા સુધી વધાર્યું હતું. શનિવારે અમેરિકા અને ઈઝરાયેલના ભીષણ હુમલામાં તેમનું મોત થતાં હવે ઈરાનના ભવિષ્ય અને ઉત્તરાધિકારી અંગે મોટા પ્રશ્નો સર્જાયા છે.

## ઈરાને બદલો લેવાનાં શપથ લીધા, વળતો હુમલો કર્યો





**ઈરાન** તરફથી ઇઝરાયેલ તેમજ ગલ્ફ વિસ્તારમાં આવેલા અમેરિકાના સાથી દેશો પર મિસાઇલ અને ડ્રોન હુમલાઓ કરાયા

**સાઉદી** અરેબિયા, યુએઇ, કતાર, કૂવૈત અને જોર્ડન સહિતના દેશોએ મિસાઇલો અને ડ્રોન હવામાં જ નષ્ટ કર્યાનો દાવો કર્યો

દુબઈ, તા. 1 (એપી): અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત હુમલા અને ખામેનીનાં મૃત્યુના પગલે વધેલા તણાવ વચ્ચે ઈરાને રવિવારે બદલો લેવાની ચેતવણી આપી હતી અને વળતા હુમલાઓની શરૂઆત કરી હતી. ઈરાન તરફથી ઈઝરાયેલ તેમજ ગલ્ફ વિસ્તારમાં આવેલા અમેરિકાના સાથી દેશો પર મિસાઈલ અને ડ્રોન હુમલાઓ કરાયા હતા.

તેહરાનમાં થયેલા વિસ્ફોટોથી સરકારી ઈમારતો આવેલા વિસ્તારમાં આકાશમાં ધુમાડાનો મોટો વમળ ઊઠ્યો હતો. ઈરાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, તાજેતરના અમેરિકી હુમલાઓમાં 200 કરતા વધુ લોકોનાં મૃત્યુ થયાં છે, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેની પણ સામેલ હતાં.

ઈરાને ઈઝરાયેલ અને ખાડી દેશોમાં આવેલા લક્ષ્યો પર મિસાઈલ અને ડ્રોન હુમલાઓ કર્યા, જ્યારે ઈઝરાયલે ઈરાનના લશ્કરી અને નેતૃત્વ લક્ષ્યો સામે "અવિરત" કાર્યવાહી કરવાની જાહેરાત કરી. ઈઝરાયેલમાં તેલ અવીવ સહિતના વિસ્તારોમાં વિસ્ફોટોના અવાજ સંભળાયા અને અનેક મિસાઈલોને હવાઈ સંરક્ષણ પ્રણાલીએ અટકાવ્યાનું જણાવાયું છે. આ સાથે જ જાનહાનિના અહેવાલ પણ આવ્યા હતા. અમેરિકી સેનાએ પણ પોતાના જવાનોના નુકસાનની પુષ્ટિ કરી છે.

યુનાઈટેડ અરબ એમિરેટ્સની રાજધાની અબુધાબી નજીક હુમલાના અવશેષો પડતાં જાનહાનિના અહેવાલ આવ્યા, જ્યારે દુબઈ સહિતના વિસ્તારોમાં પણ કેટલાક હવાઈ હુમલાને હવામાં જ નષ્ટ કરવામાં આવ્યા હતા જેના અવાજોથી વિસ્તાર ગુંજી ઉઠયું હતું. સાઉદી અરેબિયાએ તેની રાજધાની રિયાધ અને પૂર્વીય વિસ્તારમાં થયેલા હુમલાઓને સફળતાપૂર્વક અટકાવ્યાનો દાવો કર્યો. જોર્ડનએ કહ્યું કે તેના આકાશમાં ઘૂસેલા ડઝનેક ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલોને નાબૂદ કરવામાં આવી છે.

## UNSCમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન આમને-સામને આવી ગયા

**યુએન** વડા ગુટેરેસે ભવિષ્યમાં બનનારી બેકાબૂ 'ઘટનાઓની સાંકળ' વિશે ચેતવણી આપી

સંયુક્ત રાષ્ટ્ર, તા. 1 (પીટીઆઈ) યુએન સિક્યોરિટી કાઉન્સિલમાં અમેરિકા અને ઈઝરાયેલનું ઈરાન સાથે ઘર્ષણ થયું હતું, જ્યારે સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસે ચેતવણી આપી હતી કે, મધ્ય પૂર્વમાં સૈન્ય કાર્યવાહીથી વિશ્વના સૌથી અસ્થિર પ્રદેશમાં બેકાબૂ ઘટનાઓનો ક્રમ શરૂ થવાનું જોખમ છે.

ગુટેરેસે શનિવારે યુએન સિક્યોરિટી કાઉન્સિલની ઈમરજન્સી બેઠકમાં જણાવ્યું હતું કે, ''આપણે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે ગંભીર ખતરો જોઈ રહ્યા છીએ. સૈન્ય કાર્યવાહીથી વિશ્વના સૌથી અસ્થિર પ્રદેશમાં એવી ઘટનાઓનો ક્રમ શરૂ થવાનું જોખમ રહેલું છે, જેને કોઈપણ નિયંત્રિત કરી શકતું નથી.''

અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર સૈન્ય હુમલા કર્યા અને ત્યાર બાદ તેહરાન દ્વારા વળતા હુમલા થયાના થોડા કલાકો બાદ જ 15 દેશોની શક્તિશાળી યુએન સંસ્થાની આ બેઠક મળી હતી.

ગુટેરેસે ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયેલના મોટા પાયે સૈન્ય હુમલાઓ તેમ જ બહેરીન, ઈરાક, જોર્ડન, કુવૈત, કતાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કરતા તેહરાનના હુમલાઓની પણ નિંદા કરી હતી.

ગુટેરેસે કહ્યું, ''તેહરાનમાં રાષ્ટ્રપતિ ભવન અને સર્વોચ્ચ નેતાના સંકુલ ધરાવતા જિલ્લામાં મોટા વિસ્ફોટો થયા હોવાના અહેવાલ છે. ઈઝરાયેલી સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામૈની સહિત અનેક ઉચ્ચ અધિકારીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે, જેની પુષ્ટિ કરવાની સ્થિતિમાં હું નથી.''

### પેજ3

## નવદંપતી રશ્મિકા-વિજયે તિરુપતિ મંદિરમાં આશીર્વાદ લીધા, મીઠાઈ વહેંચી



નવી દિલ્હી, તા. 01 : ઉદયપુરમાં એક ખાનગી સમારોહમાં તાજેતરમાં લગ્ન કરનાર વિજય દેવરકોન્ડા અને રશ્મિકા મંદાનાએ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમની મુલાકાત લઈને તેમના વૈવાહિક જીવનની શરૂઆત કરી છે. રવિવારે, આ દંપતીએ મંદિરમાં ભક્તોનું અભિવાદન કર્યું અને મીઠાઈ વહેંચી હતી. ઓનલાઇન શેર કરવામાં આવેલા અનેક વીડિયોમાં વિજય અને રશ્મિકા ભીડમાંથી સાથે પસાર થતા જોવા મળે છે, જેમાં વિજય પોતાની પત્નીની નજીક રહીને ભક્તોની વચ્ચેથી તેમને સુરક્ષિત રીતે માર્ગદર્શન આપી રહ્યો છે.

## સેક્રેડ ગેમ્સની ઇરાની અભિનેત્રીએ એલનાઝ નૌરોજીએ ખામેનીના મોત પર ખુશી વ્યક્ત કરી



મુંબઈ, તા.01 : 'સેક્રેડ ગેમ્સ', 'અભય', 'રણનીતિ: બાલાકોટ એન્ડ બિયોન્ડ' અને 'તેહરાન' જેવી વેબ સિરીઝમાં જોવા મળેલી ઈરાની અભિનેત્રી એલનાઝ નૌરોજીએ ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ પર પ્રતિક્રિયા આપી છે. એલનાઝે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીના મોત પર ખુશી વ્યક્ત કરી છે. એલનાઝ નૌરોજીએ ઈરાનની આઝાદીની ઉજવણી કરતાં કહ્યું કે, આ ક્ષણની રાહ તે અને તમામ ઈરાનીઓ છેલ્લાં 47 વર્ષથી જોઈ રહ્યા હતા. એલનાઝ નૌરોજીએ એક વીડિયો પણ શેર કર્યો છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

## ઈરાનના હુમલા બાદ બંગાળી અભિનેત્રી શુભશ્રી ગાંગુલી અને તેનો પુત્ર દુબઈમાં ફસાયાં



કોલકાતા, તા. ૧ (પીટીઆઈ) : ઈરાની હુમલા બાદ વિસ્તારમાં વધતા તણાવ વચ્ચે લોકપ્રિય બંગાળી અભિનેત્રી શુભશ્રી ગાંગુલી અને તેનો પુત્ર યુવાન દુબઈમાં ફસાયાં છે. એમ તેમના પરિવારે રવિવારે જણાવ્યું હતું. શુભશ્રીના પતિ, ફિલ્મ નિર્દેશક-નિર્માતા અને તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય રાજ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, અભિનેત્રી અને તેમનો પુત્ર હાલમાં પામ જુમેરાહની એક હોટલમાં રોકાયા છે, જ્યાં સત્તાવાળાઓએ રહેવાસીઓને ઘરની અંદર રહેવાની સલાહ આપી છે.

## ઓમાનના બંદર નજીક ભારતીય ક્રુ ધરાવતા ઓઈલ ટેન્કર પર હુમલો, 4 ઘાયલ

દુબઈ, તા. 1 (AP) : ઓમાને રવિવારે જણાવ્યું હતું કે, વ્યૂહાત્મક હોર્મુઝની સામુદ્રધુનીમાં તેના બંદર નજીક એક ઓઈલ ટેન્કર પર હુમલો થયો છે, જેમાં સવાર ચાર ખલાસીઓ ઘાયલ થયા છે. સરકારી ઓમાન ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે, આ હુમલો 'સ્કાયલાઈટ' નામના પલાઉ-ધ્વજવાળા જહાજને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે, ક્રૂ સભ્યો ભારતીય અને ઈરાની હતા. ઓમાનના મેરીટાઈમ સિક્યુરિટી સેન્ટરે X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે હુમલો મુસંદમના ખાસાબ બંદરથી લગભગ 5 નોટિકલ માઈલ ઉત્તરમાં" થયો હતો, ત્યારબાદ જહાજના 20 સભ્યોના ક્રૂને ખાલી કરાવવામાં આવ્યા હતા. ટેન્કર પર કયા હથિયારથી હુમલો થયો તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી.

## ભારત પાસે પર્યાપ્ત ઓઈલ સ્ટોક, સપ્લાય ખોરવવાની શક્યતા ઓછી

**હોર્મુઝની** સામુદ્રધુની બંધ થઈ છે, આ માર્ગથી ઈરાક, સાઉદી અરેબિયા અને યુએઈથી ક્રૂડ ઓઈલ આવે છે

**સંકટ** લાંબો સમય સુધી રહે તો તો ભારત રશિયા પાસેથી તેલની ખરીદી વધારી શકે છે

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ ઈરાને વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઉર્જા માર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને બંધ કરવાની જાહેરાત કરી છે. આમ છતાં, ભારતને ટૂંકા ગાળામાં તેલ પુરવઠામાં કોઈ મોટી અડચણ આવવાની શક્યતા નથી. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારતીય રિફાઈનરીઓ પાસે હાલમાં ઓછામાં ઓછો 10થી 15 દિવસનો ક્રૂડ ઓઈલનો સ્ટોક ઉપલબ્ધ છે, જ્યારે ફ્યુઅલ ટેન્કોમાં વધારાનો 5 થી 7 દિવસનો સ્ટોક તૈયાર છે.

ભારત તેના કુલ ક્રૂડ ઓઈલની આયાતનો અડધો ભાગ હોર્મુઝની સામુદ્રધુની દ્વારા મેળવે છે, જેમાં મુખ્યત્વે ઈરાક, સાઉદી અરેબિયા અને યુએઈનો સમાવેશ થાય છે. જો આ માર્ગ લાંબા સમય સુધી બંધ રહે, તો ભારત રશિયા પાસેથી તેલની ખરીદી વધારી શકે છે અથવા વેનેઝુએલા અને બ્રાઝિલ જેવા વૈકલ્પિક સ્રોતોનો ઉપયોગ કરી શકે છે.

જોકે, આ સંકટને કારણે તેલના ભાવમાં ઉછાળો જોવા મળી શકે છે. બ્રેન્ટ ક્રૂડ હાલમાં સાત મહિનાની ઊંચી સપાટીએ પ્રતિ બેરલ 73 ડોલરની આસપાસ છે, જે વધીને 80 ડોલર સુધી પહોંચવાની ભીતિ છે. તેલ સિવાય, ભારતની 60 ટકા નેચરલ ગેસ (એલએનજી) અને લગભગ તમામ રાંધણ ગેસ (એલપીજી)ની આયાત આ જ માર્ગ પર નિર્ભર છે. જો આ નાકાબંધી લાંબી ચાલે, તો ગેસના પુરવઠામાં મુશ્કેલી પડી શકે છે કારણ કે એલએનજીના મોટાભાગના સોદા લાંબા ગાળાના કરાર આધારિત હોય છે. હાલમાં ભારત સરકાર સ્થિતિ પર સતર્ક નજર રાખી રહી છે અને જરૂર પડ્યે વ્યૂહાત્મક અનામતનો ઉપયોગ કરવા પણ સજ્જ છે.

## પાકિસ્તાને લગભગ 184 ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ કરી

કરાચી, તા. 1 (પીટીઆઈ) અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા વણસી રહેલી સ્થિતિને કારણે શનિવારથી પાકિસ્તાનથી પશ્ચિમ એશિયા તરફની વિવિધ એરલાઈન્સની ઓછામાં ઓછી 184 આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

સિવિલ એવિએશન ઓથોરિટીના પ્રવક્તાએ પુષ્ટિ કરી છે કે ઈસ્લામાબાદ, લાહોર, કરાચી, ક્વેટા, સિયાલકોટ, પેશાવર અને ફૈસલાબાદથી દુબઈ, અબુ ધાબી, દોહા, મસ્કત, શારજાહ, રિયાધ અને જેદ્દાહ જતી તમામ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે.

''આ ફ્લાઈટ્સ વિવિધ એરલાઈન્સના શિડ્યુલમાં હતી.'' એમ હાફિઝ ખાને જણાવ્યું હતું.

દુબઈ અને અબુ ધાબી એરપોર્ટ બંધ થયા બાદ પશ્ચિમ એશિયામાં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ ગંભીર રીતે ખોરવાઈ ગઈ છે અથવા સ્થગિત કરવામાં આવી છે. આ એરપોર્ટ યુરોપ, યુએસએ, કેનેડા, દક્ષિણ અમેરિકા વગેરે માટે કનેક્ટિંગ ફ્લાઈટ્સ માટે મુખ્ય હબ તરીકે કાર્ય કરે છે.

આ ક્ષેત્રમાં યુએસ બેઝ પર ઈરાન દ્વારા મિસાઈલ અને ડ્રોન હુમલામાં વધારો થવાને કારણે એરલાઈન સત્તાવાળાઓએ તમામ હવાઈ ટ્રાફિક સ્થગિત કર્યો છે.

પ્રવક્તાએ જણાવ્યું કે, ઈસ્લામાબાદથી ઓછામાં ઓછી 40 અને લાહોરથી અન્ય 46 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી.

પ્રવક્તાએ કહ્યું કે પાકિસ્તાનનું હવાઈ ક્ષેત્ર ડોમેસ્ટિક ફ્લાઈટ્સ માટે ખુલ્લું છે.

## ફેબ્રુઆરીમાં જીએસટી કલેક્શન 1.83 લાખ કરોડ નોંધાયું, 8.1 ટકાનો વધારો

**કુલ** નેટ જીએસટી કલેક્શન રૂ. 1.61 લાખ કરોડ રહ્યું, 7.9 ટકાનો વધારો

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): ફેબ્રુઆરી મહિનામાં ગ્રોસ જીએસટી (જીએસટી) કલેક્શન વાર્ષિક ધોરણે 8.1 ટકા વધીને રૂ. 1.83 લાખ કરોડથી વધુ નોંધાયું છે. આ વૃદ્ધિ પાછળ આયાતમાંથી મળતી આવકમાં થયેલો વધારો અને ઘરેલુ વેચાણમાં સુધારો મુખ્ય કારણો છે.

આયાત દ્વારા થતી આવક 17.2 ટકા વધીને રૂ. 47,837 કરોડ થઈ છે, જ્યારે ઘરેલુ આવક 5.3 ટકા વધીને રૂ. 1.36 લાખ કરોડ થઈ છે.

રિફંડ બાદ કર્યા પછી, કુલ નેટ જીએસટી કલેક્શન રૂ. 1.61 લાખ કરોડ રહ્યું છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતા 7.9 ટકા વધારે છે.


જોકે, નેટ સેસ રેવેન્યુમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે; ગયા વર્ષે ફેબ્રુઆરીમાં તે રૂ. 13,481 કરોડ હતું, જે આ વર્ષે ઘટીને રૂ. 5,063 કરોડ પર આવી ગયું છે. ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર 2025થી ટેક્સના દરોમાં ધરખમ સુધારો કરી 375 વસ્તુઓ સસ્તી કરવામાં આવી હતી અને ટેક્સ સ્લેબ ઘટાડીને મુખ્યત્વે 5 ટકા અને 18 ટકા કરવામાં આવ્યા છે.

નિષ્ણાતોના મતે, જાન્યુઆરીના રૂ. 1.93 લાખ કરોડના રેકોર્ડ કલેક્શન કરતા આ આંકડો થોડો ઓછો છે, પરંતુ તે વપરાશમાં થયેલો ઉછાળો સૂચવે છે.

મહારાષ્ટ્ર (6 ટકા), હરિયાણા (2 ટકા) અને પશ્ચિમ બંગાળ (1 ટકા) જેવા રાજ્યોમાં વૃદ્ધિ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા ઓછો રહ્યો છે, જ્યારે તમિલનાડુ (-6 ટકા) અને મધ્યપ્રદેશ (-8 ટકા) જેવા રાજ્યોમાં નકારાત્મક વૃદ્ધિ ચિંતાનો વિષય છે. તેમ છતાં, ચાલુ નાણાકીય વર્ષમાં કુલ કલેક્શન રૂ. 20.27 લાખ કરોડ સુધી પહોંચી ગયું છે, જે અર્થતંત્રમાં સ્થિરતા દર્શાવે છે.

## નાગપુરમાં વિસ્ફોટક બનાવતી ફેક્ટરીમાં બ્લાસ્ટથી 18નાં મોત

**મૃતદેહો** એટલી હદે સળગી ગયા હતા કે, તેને ઓળખી ન શકાયા



નાગપુર, તા. ૧ (પીટીઆઈ): મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં રવિવારે સવારે વિસ્ફોટક બનાવતી એક ફેક્ટરીમાં થયેલા ભીષણ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૮ કામદારો જીવતા ભડથું થઈ ગયા હતા. અને અન્ય ૨૪ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી મોટા ભાગનાની હાલત ગંભીર છે. એમ પોલીસે જણાવ્યું હતું.

આ વિસ્ફોટ કાટોલ તાલુકાના રાવલગાંવ ખાતે માઇનિંગ અને ઔદ્યોગિક વિસ્ફોટકો બનાવતી કંપની 'એસબીએલ એનર્જી લિમિટેડ'ના ડિટોનેટર પેકિંગ યુનિટમાં સવારે ૭થી ૭:૧૫ વાગ્યાની વચ્ચે થયો હતો.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, દિવસ દરમિયાન સારવાર દરમિયાન વધુ એક વ્યક્તિનું મોત થતાં મૃત્યુઆંક વધીને ૧૮ થયો છે. અધિકારીએ ઉમેર્યું હતું કે, ૨૪ ઘાયલ કામદારો નાગપુરની બે હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. મૃતદેહો ઓળખી ન શકાય તે રીતે બળી ગયા હતા અને મૃતકોની ઓળખ કરવા માટે પરિવારના સભ્યોના નમૂનાઓ ડીએનએ ટેસ્ટિંગ માટે લેવામાં આવી રહ્યા છે. એમ પોલીસે જણાવ્યું હતું.

જિલ્લા મુખ્યાલયથી લગભગ ૫૦ કિમી દૂર આવેલી ફેક્ટરીના પરિસરમાં પીડિતોના સ્વજનો તેમના પ્રિયજનો વિશે કંઈક સમાચાર મેળવવા માટે ઊમટી પડ્યા હતા અને તેઓ આક્રંદ કરી રહ્યા હતા.